# ઉત્તર ગુજરાતમાં ઘરફોડીયા ગેંગને અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે દબોચી લીધી

## શાળા કોલેજ અને સહકારી મંડળીઓમાંથી ચોરેલી ઈલેક્ટ્રોનીક્સ ૧૧૬ ચીજવસ્તુઓ મળી આવી : રાજ્યમાં સૌપ્રથમવાર એલસીડી, એલઈડી, કોમ્પ્યુટર મોનીટર સાથેનો જથ્થો જપ્ત

અરવલ્લી, તા. ૧૩

અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે જિલ્લામાં શાળા, કોલેજો અને સહકારી મંડળીઓમાંથી વારંવાર ઈલેક્ટ્રોનીક્સ ચીજવસ્તુઓની ચીજવસ્તુઓ ઝડપી પાડી ઉત્તર ગુજરાતમાં છેલ્લા ૪ વર્ષથી પોલીસના નાકે દમ લાવી દેનાર તસ્કરગેંગને ઝડપી પાડવામાં સફળતા મેળવી ૧૦૭ વણ ઉકેલ્યા ગુન્હાઓ ઉકેલવામાં સફળતા મળી હતી. આ ઘરફોડ ગેંગ સાથે સંકળાયેલા અન્ય ૬ શખ્સોને દબોચી લેવા જિલ્લા એલસીબી પોલીસે અલગ અલગ ટીમો બનાવી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.





મચાવી દીધો હતો. ઉત્તર ગુજરાત પોલીસના નાકે તસ્કર ટોળકીએ દમ લાવી દીધો હતો. અરવલ્લી જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોરના માર્ગદર્શન હેઠળ અરવલ્લી જિલ્લા એલસીબી પીઆઈ સી.ડી. વણઝારા અને એલસીબી ટીમે એસઓજી પોલીસ સાથે સંયુક્ત ટીમ બનાવી તસ્કર ગેંગને ઝડપી પાડવા કમર કસી હતી. જિલ્લાની આંતર રાજ્ય ચોરીની ઘટનાઓના બનાવોમાં વધારો થતા જિલ્લા એલસીબીની ટીમે તસ્કર ટોળકીને ઝડપી પાડવા જુદી જુદી ટીમો બનાવી રાત્રીના સમયે રાજસ્થાન સરહદ પર વોચ ગોઠવી બાતમીદારો ઉભા કરી બાતમીના આધારે જાંબુડી ગુજરાત સરહદ નજીક નાકાબંધી કરી પીકઅપ ડાલા સાથે ૪ શખ્સોને ઝડપી પાડી પીકઅપ ડાલામાંથી ૧૧૬ ઈલેક્ટ્રોનીક્સ



ઝડપી પાડ્યો હતો. જિલ્લા એલસીબી પોલીસે આ ચોરાઉ ઈલેક્ટ્રોનીક્સ માલસામાન ચુડાવાડાથી સિદ્ધરાજસિંહ પોપટજી હિરજી ઝાલા (ઠાકોર, પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના સુનસર ગામે

અરવલ્લી, સાબરકાંઠા, મહેસાણા, પાટણ જિલ્લા સહિત ઉત્તર ગુજરાતમાં રાત્રી દરમ્યાન શાળા, કોલેજો અને સહકારી મંડળીઓના દરવાજાના તાળા કટરથી તોડી અંદર પ્રવેશી અંદરથી એલસીડી, એલઈડી ટીવી તથા કોમ્પ્યુટર, મોનીટર, પ્રીન્ટર તથા અન્ય ઈલેક્ટ્રોનીક્સ ચીજવસ્તુઓ અને મોટર સાયકલની ચોરી કરી તળખળાટ

સરહદો પર પોલીસ ટીમ દ્વારા બાતમીદારો ઉભા કરી ખાનગી ડ્રેસમાં સઘન તપાસ હાથ ધરતા બાતમીના આધારે જાંબુડી નજીકથી પીકઅપ ડાલુ (ગાડી નં. જીજે. ૯ ૭૭૭૩૭૩) પસાર થતુ અટકાવી તલાશી લેતા પીકઅપ ડાલામાંથી ચાર તસ્કરો સહિત શાળા, કોલેજો અને સહકારી મંડળીઓમાંથી ચોરી કરેલો ઉલેક્ટ્રોનીક્સ ચીજવસ્તુઓના જંગી જથ્થો

આરોપીના મૂળ વતને પહોચાડી સગેવગે કરી દે તે પહેલા દબોચી લીધો હતો. ઉત્તર ગુજરાતમાં શાળા, કોલેજો અને સહકારી મંડળીઓમાં તળખળાટ મચાવનાર તસ્કર ટોળકીને અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે ઝડપી પાડતા પોલીસની સફળ કામગીરીથી જિલ્લા વાસીઓએ વખાણી હતી.

### જિલ્લામાં આચરેલ ગુન્હા

મોટા એલસીડી, એલઈડી નંગ-૩૬, કોમ્પ્યુટર મોનીટર નંગ-૭૨, સીપીયુ નંગ-૧, પ્રીન્ટર નંગ-૫, સ્પીકર જોડ નંગ-૨ મળી કુલ ૧૧૬ નંગ જેની કિંમત રૂ. ૧૮,૩૧,૦૦૦ તથા ચોરી કરવાના સાધનો રૂ. ૧૦૫૦ તથા પીકઅપ ડાલુ કિંમત રૂ. ૫૦,૦૦૦ મળી કુલ ૨૩,૩૨-૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

અરવલ્લી જિલ્લાના ગુન્હા-૭૧
મહેસાણા જિલ્લાના ગુન્હા-૯
સાબરકાંઠા જિલ્લાના ગુન્હા-૧૧
પાટણ જિલ્લાના ગુન્હા-૧૪
રાજસ્થાનમાં-૨ મળી કુલ ૧૦૭ ગુન્હાના આરોપી પકડાયા

### ઈલેક્ટ્રોનિક્સ ચીજવસ્તીઓની તસ્કર ગેંગના ઝડપાયેલા આરોપીના નામ

પ્રવીણભાઈ ઉર્ફે પપ્પુ કનૈયાલાલ પટેલ (કલાલ) ઉં.વ. ૨૮, વીંછાવાડા બસસ્ટેન્ડ નજીક
સિદ્ધરાજસીંહ પોપટજી હિરાજી ઝાલા (ઠાકોર) રહે. રામપુરા મોટો મોહલ્લો (પાટણ) હાલ રહે. બીંછીવાડા રાજસ્થાન
જગદીશભાઈ ઉર્ફે જગો વારસી ડામરા (ઉં.૨૦ વર્ષ) ચુડાવાડા (રાજસ્થાન)
ભરત કાળુરામ બોડાત (ઉં.વ. ૨૦ વર્ષ) થોબાવાડા (તા. ખેરવાડા, રાજસ્થાન)
ભરત કાળુરામ બોડાત (ઉં. ૨૦ વર્ષ) થોબાવાડા (તા. ખેરવાડા, રાજસ્થાન)
તસ્કરગેંગના અન્ય ૬ શખ્સોની સંડોવણીમાં સંડોવાયેલા આરોપીના નામ
હિતેશ સળુભાઈ ડામોર (ગેરૂવાડા, રાજસ્થાન), વસંતજી ગાંડાજી ઠાકોર (રહે. વાના છાપરા, વિસનગર, મહેસાણા)
કલ્પેશજી દશરથજી ઠાકોર (રહે. વચલોવાસ, વિસનગર, મહેસાણા)
આકાશભાઈ દિનેશગીરી ગોસ્વામી (રહે. આનંદપાર્ક સોસા., વિસનગર, મહેસાણા)
બચુભાઈ મથુરભાઈ રોત (રહે. બીંછીવાડા, રાજસ્થાન), જીવણભાઈ અમરાજી પટેલ (રહે. ગડમાલા, રાજસ્થાન)
ઉપરોક્ત ૬ શખ્સોને ઝડપી પાડવા જિલ્લા એલસીબી પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

### શાળા, કોલેજો અને સહકારી મંડળીઓમાં લૂંટની ઘટનાને અંજામ આપવાની મોડ્સ ઓપરેન્ડીસ

તસ્કર ગેંગના તમામ દસ આરોપીઓ દિવસ દરમિયાન ચોરી કરવાની હોઈ તે શાળા કોલેજ, સ્કૂલો અને સહકારી મંડળીઓની રેકી કરી લેતા અને રેકી દરમ્યાન તસ્કરી કરી નાસી છૂટવાના રસ્તાઓ અને પકડાવવાથી બચી શકાય તેવી જગ્યાઓ ખાસ કરી પસંદ કરી રાત્રી દરમ્યાન રેકી કરેલ સ્થળે પહોંચી પીકઅપ ડાલુ બોલેરો જીપ, ઈકો ગાડી કે પછી બાઈક લઈ પહોચી જઈ શાળા, કોલેજો કે સહકારી મંડળીના દરવાજાના તાળા અને નકુચા કટરથી તોડી સીફતપૂર્વક અંદર પ્રવેશી અંદરથી એલસીડી અને એલઈડી ટીવી તથા કોમ્પ્યુટર મોનીટર, પ્રિન્ટર વિગેરે ઈલેક્ટ્રોનીક્સ ચીજવસ્તુઓ ચોરી કરી ફરાર થઈ જતા હતા.

# ખંડણીખોર ત્રણ યુવકો ઝડપાયા

## એલ.સી.બી.એ ગ્રાઉન્ડ જીરોથી તપાસ કરી બાતમીને આધારે ઝડપ્યા : મોજશોખ ને રવાડે ચડેલા ત્રણ યુવકો શોર્ટકટથી કમાવા જતા જેલમાં ગયા

અત્યારે યુવાનો મોજ શોખ માટે ખોટા માર્ગ અને શોર્ટકટ અપનાવતા હોય છે. ત્યારે ડ્રો ના નામે લોકોના નાણાં ઉઘરાવી તેમાં નુકશાન થતાં યુવાનોએ ડોકટરો અને મોટા માથાઓના નામ એકત્ર કરી તેમની પાસે માંગી ખંડણી. આ ત્રણ યુવાનોએ ખંડણી માંગી હતી. પરંતુ હજુ ખંડણીના શરૂઆતમાં જ તેઓ પોલીસના હાથે ઝડપાયા છે. જુઓ ખંડણી માંગતા આ યુવાનોની પૂરી દાસ્તાન..

થોડા દિવસ અગાઉ પાલનપુરના એક ડોક્ટરને ફોન આવ્યો. જેમાં માલિક બાદશાહ નામ આપી એક વ્યક્તિએ ૧.૨૫ લાખની ખંડણી માંગી. આ મામલે ડોક્ટર હસ્તાપુરી ગૌસ્વામી પાલનપુર પોલીસ મથેક ફરિયાદ નોંધાવી હતી. જે બાદ ખંડણીની વાત આવતાની સાથે જ બનાસકાંઠા જીલ્લાની પોલીસ દોડતી થઈ ગઈ છે. પાલનપુરના ડોકટર્સને મારી નાખવાની ધમકી આપનાર ત્રણ ઈસમોને ન્ઝ્મ્અને ર્જીંદ્વારા બનાવેલી ટીમો પકડી પાડ્યા છે. ગુનાખોરીના રવાડે ચડી ગયેલા અને શોર્ટકટથી પૈસા કમાવાની ઈચ્છામાં ત્રણ યુવકોએ ગુનાનો માર્ગ અપનાવ્યો. પાલનપુરના તબીબ હસ્તાપુરી ગૌસ્વામીને અજાણ્યા ઈસમો દ્વારા ફોન પર ધમકી મળ્યા બાદ પાલનપુરના જ અન્ય ત્રણ તબીબોને પણ ધમકી ભર્યા ફોન તપાસ હાથ ધરતા આરોપીઓનું પગેરું મળ્યું હતું. કોલ ડીટેલ અને લોકલ



આવતા ફફડી ઉઠેલા ડોક્ટરોએ પોલીસ ફરિયાદ કરી હતો મને ફોન આવ્યો હતો કે તમે અમને નાણાં આપજો નહિ તો તમને મારી નાખવામાં આવશે

ડોક્ટરો પાસે ખંડણી અને ધમકીઓના મામલાને જીલ્લા પોલીસ અધિક્ષક દ્વારા ગંભીરતાથી લઈ LCB અને SOG ની ટિમોએ સ્થાનિક ગુનેગારો અને આ પ્રકારના ગુનાઓમાં સંડોવાયેલા ઈસમો ની તપાસ હાથધરી હતી. પોલીસે ધમકી ભર્યા ફોન બાબતે પોલીસે સઘન ધમકી માટે અંગ્રેજી અને ગુજરાતીમાં ખંડણી કઈ રીતે માંગવી તેની સ્ક્રીપ્ટ પણ તૈયાર કરવામાં આવી હતી. તે ઉપરાંત ધમકી ભર્યા પાલનપુરના તબીબોની નામ અને નંબરની યાદીને આધારે ચોક્કસ ટાર્ગેટ તબીબો પાસે ચિરાગ બારોટ દ્વારા ધમકી આપી અને ખંડણી માંગતા હતા. ડ્રો ની સ્કીમ ચલાવતા આ યુવાનો આર્થિક સંકડામણને કારણે ડમી સીમકાર્ડને આધારે તબીબો નેધમકી આપી શોર્ટકટથી પૈસા મેળવવા માટે આખું કાવતરું ઉભું કરવામાં આવ્યું હતું.

# પાલનપુરના તબીબની ધરપકડના મામલે તબીબો હડતાલ પર ઉતર્યા

## પ્રસૂતીમાં બેદરકારી દાખવનાર આરોપી ડો. ભાવેશ નાયકને સબજેલમાં ધકેલાયો

જીલ્લા મથક પાલનપુર માં ડો ભાવેશ નાયક ની ધરપકડ ને લઈને પાલનપુર ના તબીબો એ જીલ્લા પોલીસ વડા અને કલેક્ટર ને રજૂઆત કરવા આવી પહોચ્યા હતા સરહદી બનાસકાંઠા જીલ્લા માં તબીબી વ્યવસાય ફૂલ્યો ફાલ્યો છે ત્યારે છાસવારે તબીબી બેદરકારી ની ઘટનાઓ પણ પ્રકાશમાં આવતી હોય છે જો કે આવી જ એક ઘટના પ્રસુતાના મોતને મામલે આઠ માસ બાદ પાલનપુર ના ત્રણ ડોકટરો સામે પોલીસ ફરિયાદ નોધાઈ હતી જેમાં ડોકટર ભાવેશ નાયક ની ધરપકડ કરી મેડીકલ ચેકઅપ માટે પાલનપુર સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા જો ડોકટર ની થયેલી ધરપકડ અને ફરિયાદ ના મામલે પાલનપુર ના ડોકટરો એક દિવસ ની હડતાલ પર ઉતરી ગયા હતા અને વારંવાર ડોકટર પર થતી ફરિયાદ ના પગલે રજૂઆત કરવા આવેલ પાલનપુર ના ડોકટરો એ જીલ્લા પોલીસ વડા સમક્ષ હડતાલ સમેટી દેવાની વાત કરી હતી જો કે પાછળ થી કેટલાક તબીબી એ અંદર અંદર વિવાદ ઉભા કરતા ફરેથી એક દિવસ માટે હડતાલ ચાલુ રાખવાની જાહેરાત કરવાની નોબત આવી હતી જો કે આજે તબીબી ની હડતાલ ની બાબત માં ડોકટરો વચ્ચે આંતરિક મતભેદ જોવા મળ્યા હતા જો કે આરોપી ડો ભાવેશ નાયક ના કોર્ટ એ જામીન ના મંજુર કરતા સબજેલ માં ધકેલાયા હતા.



# પાલનપુરમાં માલધારીઓની બાઈક યાત્રા નીકળી

બનાસકાંઠામાં માલધારી સમાજ દ્વારા પડતર માંગણીને લઈને બાઈક યાત્રા નીકળવામાં આવી હતી. રાજયમાં માલધારીઓને સામાજિક અને રાજકીય અવગણા થતી હોવાથી તેમજ ગૌચર જમીન સહિત જુદા જુદા પડતર માંગણી સાથે બનાસકાંઠાના વાવથી નીકળેલી વિશાલ બાઈક યાત્રા પાલનપુરમાં આવી પહોચી હતી. જ્યાં જીલ્લા કલેકટરને માલધારી સમાજે પડતર રજૂઆત માટેનો આવેદનપત્ર આપ્યું હતું.

# ૭ મૃતક યુવાનોના દોષિતો સામે પ્રાંતિજના રાસલોડ ગ્રામજનો તથા વાલીઓ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવા માટે પહોચ્યા

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના રાસલોડ ગામના ૭ યુવકો રક્ષાબંધનના દિવસે ગળતેશ્વર નદીમાં ડુબી જતાં ૭ યુવકોનું મોત નિપજ્યું હતું જેને લઈને લીઝ હોલ્ડર સામે અને ભૂસ્તરશાસ્ત્રી કુષ્ણકાન્ત કે જેવો તા.૧૮-૮-૨૦૧૬ને રક્ષાબંધનના પવિત્ર દિવસે ગળતેશ્વર ખાતે આવેલ સાબરમતી નદીમાં સ્નાન કરવાં ગયેલાં અને નદીમાં ૭ યુવાનો ડુબી જવાથી મોત નિપજ્યું હતું અને જેને લઈને જે તે સમયે પ્રાંતિજ પોલીસ સુનાવણીમાં જ પ્રાંતિજ પોલીસને દોષિતો સામે ફરીયાદ દાખલ કરવાની સુચના કરવામાં આવી હતી. જેને લઈને રાસલોડ ગામજનો તથા મૃતક યુવાનોના વાલીઓ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવા આવ્યા હતાં ત્યારે પ્રાંતિજ



જવાબદાર વ્યક્તિ સામે જે તે સમયે પોલીસ દ્વારા ફરીયાદ દાખલ કરવામાં આવી ન હતી. જેને લઈને વાલીઓ દ્વારા હાઈકોર્ટના દ્વાર ખવડાવવામાં આવ્યાં હતાં અને પ્રથમ સુનાવણીમાં જ હાઈકોર્ટ દ્વારા પ્રાંતિજ પોલીસને દોષિતો સામે ફરીયાદ દાખલ કરવા સુચના કરવામાં આવી હતી.

પ્રાંતિજના રાસલોડ ગામનાં ૭ યુવાનો પટેલ જયેશકુમાર મંગળભાઈ, પટેલ વિકાસ દિપકકુમાર, પટેલ અંકિત હસમુખભાઈ, પટેલ યશ રાજેશકુમાર, પટેલ કમલેશકુમાર હસમુખભાઈ, ભટ્ટ ચેતનકુમાર સ્ટેશનમાં લીઝધારક દહેગામ નિવાસી બાલાજી માર્બલ જેનાં માલિક સિધ્ધાર્થસિંહ મહાવીરસિંહ રાઠોડ લીજ માલિક દ્વારા અધિકારીઓની મીલીભગત અને નિયમોને નેવે મુકી ખનનની મર્યાદા મુકીને વધુ ૭ મીટર ઉંડાઈ કરી રેતીનું ખનન કરતાં નદીમાં સ્નાન કરવાં ગયેલ ૭ યુવાનો નદીમાં ડુબી ગયા હતાં અને તેમણું મોત નિપજ્યું હતું જયારે તે સમયે પોલીસ સ્ટેશનમાં ફરીયાદીઓ અને દોષિતો સામે ફરીયાદ દાખલ કરવામાં આવી નહી અને છેવટે વાલીઓ દ્વારા હાઈકોર્ટના દ્વાર ખવડાવવામાં આવતા હાઈકોર્ટ દ્વારા પહેલી પીઆઈ ટી.બી. રાઠોડ દ્વારા ફરીયાદની અરજી ઉપર જિલ્લામાં મોકલવાની ખાતરી આપી હતી અને જિલ્લા પોલીસ વડાની સુચના મળશે તે પ્રમાણે અને તે મુજબ કાર્યવાહી હાથ ધરીશુ ત્યારે હાલ તો ૯ માસ વિતી ગયાં છતાં કોઈ કામગીરી હાથ ધરવામા નથી આવી ત્યારે હાલ તો દોષિતો ઉપર ચાર ચાર હાથ હોય તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે ત્યારે જો ફરીયાદ દાખલ નહી થાય તો ગામજનો દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર ઉપવાસ ઉપર બેસવાની પણ ચીમકી આપી છે ત્યારે હવે દોષિતો સામે ફરીયાદ લેવાશે કે કેમ અને સજા થશે કે કેમ એ તો હવે જોવાનું રહ્યું.

# ગણપત યુનિવર્સિટીના સ્થાપના દિનની ભવ્ય ઉજવણી

## ભીતરમાં પડેલી ક્ષમતાનો જે સાક્ષાત્કાર કરાવે તેવી કેળવણીનું કાર્ય અહીં થાય છે ! : ગુજરાત ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને ચિંતનશીલ ઉદ્યોગપતિ મહેન્દ્ર પટેલનું પ્રેરક ઉદ્‌બોધન

ગણપતવિદ્યાનગર, તા. ૧૩

ગુજરાત રાજ્યની પ્રથમ પંક્તિની અને હાઈટેક શિક્ષણ સંસ્થા તરીકે ખ્યાતિ પામેલી ગણપત યુનિવર્સિટીના બારમા સ્થાપના દિન નિમિત્તે યોજાયેલા એક વિશિષ્ટ વ્યાખ્યાન દરમિયાન પોતાના વિચારો વ્યક્ત કરતાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ અને એ.એમ.એ.ના ભૂતપૂર્વ પ્રમુખ તેમજ સુખ્યાત મમતા ઉદ્યોગ જૂથના અધ્યક્ષ મહેન્દ્ર પટેલે કહ્યું હતું કે માણસની ભીતરમાં પડેલી ક્ષમતાને જે બહાર લાવી શકે, તેનો સાક્ષાત્કાર કરાવે તે જ સાચી કેળવણી અને તેવી કેળવણી આપવાનું કાર્ય આ યુનિવર્સિટી દ્વારા થઈ રહ્યું છે. કોઈ ગણપત યુનિવર્સિટીની મુલાકાતે આવે ત્યારે એને જે અપેક્ષા હોય તેના કરતાં ઘણું બધું વધારે અને ઘણું ઉત્તમ શિક્ષણ કાર્ય થતું અહીં જોવા મળે છે. એમણે એમના વિચારશીલ વક્તવ્યમાં શિક્ષણ અને યુવાનોના ઉત્કર્ષ, જીવનમાં સફળતા, જીવનની સાર્થકતા, માણસની સર્જનશીલતા જેવાં અનેક પાસાંઓ પોતાના મૌલિક ચિંતનના ભાગરૂપે અભિવ્યક્ત કર્યા હતા.



ગણપત યુનિવર્સિટીના સ્થાપક-સર્જક અને પ્રમુખ અનિલભાઈ પટેલે યુનિ.ની સ્થાપના પછીના ૧૨ વર્ષમાં સાધી શકાયેલી પ્રગતિનો આલેખ આપતા જણાવ્યું હતું કે આજ સુધીમાં ૨૫૦૦૦ કરતાંયે વધારે વિદ્યાર્થીઓએ અહીંથી સ્નાતકની પદવી લઈ પોતાની કારકિર્દી ઘડી છે અને આજે ૨૦ જેટલાં શાળા-કોલેજ-અભ્યાસકેન્દ્રોમાં ૧૦ હજારથી વધારે વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી ઉપરાંત ચારિત્ર્યનું ઘડતર કરી રહ્યાં છે.

ઓસ્ટ્રેલિયાની વિક્ટોરિયા યુનિવર્સિટીના ડેલિગેશનમાં મહેમાન તરીકે પધારેલા રહીશ વિલિયમ્સે આ અવસરે ગણપત યુનિવર્સિટીની શૈક્ષણિક ગુણવત્તા અને પ્રગતિ વિષે શરાહના કરી અભિનંદન પાઠવ્યા હતા. સંસ્થાના ટ્રસ્ટીઓ, અગ્રણી મહાનુભાવો, યુનિ.ના ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા, રઝિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ સહિત વિવિધ કોલેજના આચાર્યો, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી સ્થાપના-દિનની ઉજવણીને વધુ સાર્થક બનાવી હતી.



થોડા સમય પહેલા જ યોજાઈ ગયેલા યુનિ. નેશનલ યુથ ફેસ્ટિવલમાં બીજા ક્રમે આવેલી લોક-નૃત્યની ટીમના તેમજ સમુહ ગાનના વિદ્યાર્થીઓને આ અવસરે સર્ટિફિકેટ અને સ્મૃતિ ચિહ્ન અર્પણ કરી ખાસ સન્માનવામાં આવ્યા હતા.

લોક-નૃત્યની ટીમ દ્વારા રજુ કરાયેલા ભાવનગરી રાસની પ્રસ્તુતીએ સ્થાપના દિનની ઉજવણીમાં વિશેષ આનંદ અને ઉત્સાહનો ઉમેરો કર્યો હતો.